## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# કે બી ફાર્મસી કૉલેજના વિદ્યાર્થીને રિજનલ કક્ષાનો બેસ્ટ એનએસએસ એવોર્ડ



ગાંધીનગર, તા. ૯

કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચાર વિદ્યાર્થીઓ દશરથ એમ છાજડ, મુદ્રા શર્મા, જયકિશન અજુડીયા, ગ્રીષ્મા પટેલને નોર્થ મહારાષ્ટ્ર યુનિવર્સિટી, જલગાંવ ખાતે દસ દિવસના એનએસએસનો પ્રી રીપબ્લિક ડે કેમ્પ-૨૦૧૨માં ભાગ લેવા માટે આમંત્રણ મળ્યું હતું. કેમ્પનું આયોજન એનએસએસ રિજનલ સેન્ટર, પુણે તરફથી કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, આંધ્ર પ્રદેશ, દીવ, દમણ, દાદરા નગર હવેલીના મળીને કુલ ૨૦૦ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. આ પૈકી ગુજરાતનો દેખાવ ઉત્તમ રહ્યો હતો. કે બી ઇન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ગાંધીનગરના વિદ્યાર્થી દશરથ એમ છાજડે બેસ્ટ એનએસએસ સ્વયંસેવકનો એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો, જેને યુનિવર્સિટીના પ્રમુખ વલ્લભભાઈ પટેલ, ડીરેક્ટર ડી ટી કાપડિયા, યુનિવર્સિટીના એનએસએસ કો-ઓર્ડિનેટર રણછોડભાઈ રથવી, કોલેજના પ્રિન્સીપાલ ડો. ગૌરાંગ બી શાહ અને એનએસએસ પ્રોગ્રામ ઓફિસર દિવ્યેશભાઈ શાસ્ત્રી ઉપરાંત મિનીસ્ટ્રી ઓફ યુથ અફેર્સ, ગુજરાતના ડિરેક્ટર કલમકુમાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# શાકભાજી લેવા ગયેલા પ્રૌઢા ચેઈન સ્નેચરોનો ભોગ બન્યા

## સે. ૨૪ શાકમાર્કેટ નજીક પ્રૌઢાના ગળામાંથી દોરો આંચકી ચેઈન સ્નેચરો બાઈક લઈને પલાયન

ગાંધીનગર, તા. ૯

શહેરના સેક્ટર-૨૫ ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતા પ્રૌઢા ગઈકાલે સે. ૨૪માં શાકભાજી લેવા ગયા હતા તે દરમ્યાન બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચરોએ તેમને નિશાન બનાવીને ગળામાં પહેરેલો આશરે બે તોલાનો સોનાનો દોરો આંચકી દીધો હતો. પ્રૌઢાની બુમાબુમ બાદ ટોળુ એકઠુ થાય તે પહેલા જ ચેઈન સ્નેચરો બાઈક પર રફુચક્કર થઈ ગયા હતા.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૫ ગુજરાત હાઉસીંગ બોર્ડ બ્લોક નં. ૧૬૭ ખાતે રહેતા સવિતાબેન શંકરલાલ સોલંકી ગઈકાલે સે. ૨૪ શાકમાર્કેટમાં શાકભાજી ખરીદવા ગયા હતા. સે. ૨૪ શાકમાર્કેટ નજીક દુર્ગા પાર્લર સામે તેમના સંબંધી મળી જતા ઉભા રહી ગયા હતા અને વાતચીત કરી રહ્યા હતા તે દરમ્યાન બાઈક લઈને ડબલ સવારી આવેલા ચેઈન સ્નેચરોએ સવિતાબેન પાસે બાઈક ફરાવ્યું અને ગળામાં હાથ મારીને તેમણે પહેરેલો આશરે બે તોલા વજનનો સોનાનો દોરો આંચકી લીધો હતો. પ્રૌઢાએ બુમાબુમ કરતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા. પરંતુ ત્યાં સુધીમાં ચેઈન સ્નેચરો પલાયન થઈ ચુક્યા હતા. જો કે આ બાબતે પોલીસ ફરીયાદ કરવામાં આવી ન હતી.

# જી.આઈ.પી.એસ. દ્વારા પ્રદૂષણ મુક્ત દિવાળી ઉજવવા રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં શિક્ષકોના માર્ગદર્શન હેઠળ પ્રદૂષણ મુક્ત દિવાળી ઉજવવા ગાંધીનગર, બાલવા, ઉનાવા, પેથાપુર અને રાંધેજા મુકામે રેલીનું આયોજન કર્યુ હતું.

જી.આઈ.પી.એસ.ના વિદ્યાર્થીઓએ દિવાળીના મહાપર્વમાં ફટાકડાથી થતા પ્રદૂષણને રોકવા માટે વિધ-વિધ સૂત્રોચ્ચાર અને બેનર્સ સાથે ગાંધીનગર, બાલવા, ઉનાવા, પેથાપુર અને રાંધેજા મુકામે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ગ્રામજનોને વાયુ-ધ્વનિ પ્રદૂષણ મુક્ત દિવાળી ઉજવવા લોકોને આહ્‌વાન કર્યુ હતુ. બાળકોમાં સામાજિક ચેતના જાગૃત થાય તેમજ સામાજિક ક્ષેત્રે પોતાની ફરજનું પાલન કરવા આ વિદ્યાર્થીઓએ લોકોને સમજ આપી હતી. રેલીમાં 'ફટાકડા છોડો જીવન બચાવો' જેવા સૂત્રો સાંભળી ઘરો અને શેરીઓમાંથી લોકો બહાર આવ્યા હતા. ઉનાવા અને બાલવા ગામનાં સરપંચોએ રેલીને આવકાર આપી અભિવાદન કર્યું હતું.

## પંચદેવ મંદિરે સમૂહમાં ચાતુર્માસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૯

દર વર્ષની જેમ આ વર્ષે પણ પંચદેવ મંદિરે દેવ ઊઠી અગિયારસ તા. ૨૪મી નવેમ્બર-૨૦૧૨ને શનિવારે સમૂહમાં ચાતુર્માસ ઉજવણાનું આયોજન કરવામાં આવ્યું છે. પંચદેવ મંદિરના ધર્માચાર્ય નીલકંઠ શાસ્ત્રીએ ખાસ જણાવ્યું છે કે, દેવઊઠી અગિયારસના પાવન પ્રસંગે ચાતુર્માસ ઉજવણાના કાર્યક્રમમાં જે વ્રત કરનારને ચાતુર્માસ ધામધૂમથી ઉજવવો હોય તેમણે પંચદેવ મંદિરના પૂજારી ભાનુભાઈ તથા નીલકંઠ શાસ્ત્રીનો મો. નં. ૯૯૨૫૦૭૯૭૦૭ પર સંપર્ક કરવો.

# સિમકાર્ડની નોંધ ન રાખતા સરઢવના બે વેપારી ઝડપાયા

## એસ.ઓ.જી.એ દરોડો પાડી બન્ને દુકાનદારો વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો

ગાંધીનગર, તા. ૯

બોગસ સિમકાર્ડનો બેફામ વેપલો થવા લાગતા જોખમાઈ ગયેલી સુરક્ષાને ગંભીરતાથી ધ્યાને લઈ સિમકાર્ડ લે-વેચનું તથા તેના ગ્રાહકની સંપૂર્ણ યાદી ધરવાનું રજીસ્ટર નિભાવવા બહાર પાડવામાં આવેલા જાહેરનામાને કેટલાક વેપારીઓ ઘોળીને પી ગયા હોવાનું ગાંધીનગર એસ.ઓ.જી.ને ધ્યાને આવતા આજે સરઢવ ગામની દુકાનોમાં આકસ્મિક ચેકીંગ કર્યુ હતું. જેમાં બે વેપારીઓ રજીસ્ટર ન નિભાવતો હોવાનું ધ્યાને આવતા બન્ને વિરૂદ્ધ જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરી કાયદેસની કાર્યવાહી શરૂ કરી છે.

ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. ભરત પટેલે સીમકાર્ડ વેચતા વેપારી રજીસ્ટર જાળવે છે કે કેમ તે અંગે સઘન ચેકીંગ કરવા સુચના આપતા એસ.ઓ.જી.ની ટીમના હે.કો. ગૌતમભાઈ પો.કો. જયંતિભાઈ, રાજુભાઈ અને અરવિંદભાઈ સહિતની ટીમે ગાંધીનગર નજીકના સરઢવ ગામમાં ચેકીંગ હાથ ધર્યુ હતું. જ્યાં બે વેપારીઓ ગ્રાહકને સિમકાર્ડ વેચ્યા બાદ પણ તેના નામ-સરનામા તથા ઓળખ પુરાવા સહિતના રેકર્ડ ન લઈ તથા રજીસ્ટરમાં નોંધ પણ ન કરી. રજીસ્ટર જાળવ્યું ન હોવાનું ધ્યાને આવ્યું હતું. જેને આધારે સરઢવના જનતાનગર વિસ્તારનાં મુકેશભાઈ કેશવલાલ રાવલની માલીકીની મહાકાળી કિરાણા સ્ટોર્સ તથા સુનિલ મહેન્દ્રભાઈ પટેલની સુહાની કિરાણા સ્ટોર્સ બન્ને દુકાનોમાં એસઓજીએ દરોડા પાડી બન્નેના સંચાલક વિરૂદ્ધ ગુનો નોંધી પેથાપુર પોલીસને કાયદેસરની કાર્યવાહી માટે મોકલી આપવામાં આવ્યા છે.

# જૈન દેરાસર સે-૩-ડી ખાતે શત્રુંજય પટ્ટ દર્શન યોજાશે

ગાંધીનગર, તા.૯

શ્રી આદીશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા કારતક સૂદ પૂનમને તા. ૨૮મી નવેમ્બર ૨૦૧૨ના રોજ સેકટર-૩-ડીના જૈન દેરાસર ખાતે નૂતન ઉપાશ્રયમાં સિદ્ધાચલજી મહાતીર્થનો પટ્ટ બાંધવામાં આવશે. આદીશ્વર દાદાના પ્રથમ ગણધર શ્રી મુંડરિક સ્વામી કારતક સૂદ પૂનમે મોક્ષે ગયા હતા અને તે દિવસથી ચાતુર્માસ પૂર્ણ થતાં શત્રુંજયની યાત્રા શરૂ થાય છે જે ભાવિકો તે દિવસે શાશ્વત તીર્થ શત્રુંજયની યાત્રા કરી શકતાં નથી તેઓ શત્રુંજયના પટ્ટના દર્શન કરીને ભાવયાત્રા કરે છે. આવા ભાવિકોના લાભ માટે શત્રુંજય પટ્ટ દર્શન યોજાશે.

ગાંધીનગર સેકટર-૩-ડીના જૈન દેરાસર ખાતેના નૂતન ઉપાશ્રયમાં શ્રી સિદ્ધાચલજી મહાતીર્થનો પટ્ટ બાંધવામાં આવશે. આ પ્રસંગે પધારેલા દરેક દર્શનાર્થીને ભાતુ આપવામાં આવશે તેમજ ૧ રૂ.ની પ્રભાવના આપવામાં આવશે. પટ્ટ દર્શન સવારે ૮ કલાકથી બપોરે ૪ કલાક સુધી ભકતજનો કરી શકશે. ગાંધીનગરના જૈન સંઘોના તમામ પરિવારના જૈન શ્રાવક શ્રાવિકાઓને સહ પરિવાર શ્રી શત્રુંજયનો પટ્ટ જુહારવા-દર્શનાર્થે આવવા ખાસ જણાવાયું છે.

## મહામૃત્યુંજય જપ યજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા. ૯

સમગ્ર વિશ્વમાં અને દેશમાં ફેલાતા પ્રકોપ અને બિમારીને જળમૂળમાંથી નાશ કરવા અને મનુષ્યના સાથે કુદરતનાં અમૂલ્ય જીવોનાં કલ્યાણાર્થે મહામૃત્યુંજય જપ યજ્ઞનું આયોજન કરવામાં આવશે.

દેવાધીદેવ મહાદેવનો રીઝવવા અને સર્વે દુઃખોને નિવારવા તથા જનકલ્યાણાર્થે ત્રિ-દિવસીય મહામૃત્યુંજય જપ યજ્ઞનું આયોજન કરવામાં આવશે. સેક્ટર-૨૬માં ગાંધીનગરના યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે મહામૃત્યુંજયના સવાલાખ મંત્રનું ગાન કરવામાં આવશે. જેનો સર્વે ભક્તજનો લાભ લઈ શકશે.

# સુપ્રસિધ્ધ યાત્રાધામ ડભોડીયા હનુમાનજી મંદિરે કાળી ચૌદશના દિવસે ભવ્ય લોકમેળાનું આયોજન

## લાખો શ્રધ્ધાળુ ભકતો દર્શનાર્થે ઉમટશે : લાખો કિલો તેલનો અભિષક થશે

ચિલોડા, તા.૯

ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામે સુપ્રસિધ્ધ શ્રી હનુમાનજી મંદિર ખાતે દાદાનું પૌરાણિક મંદિર આવેલું છે. જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ડભોડિયા હનુમાન તરીકે જાણીતા મંદિરમાં બિરાજમાન હનુમાનજી દાદાની મૂર્તિ સ્વયંભૂ પ્રગટ થયેલ હોવાથી દર શનિવાર તથા મંગળવારે નિયમિત શ્રધ્ધાળુઓ માટે આસ્થાના પ્રતિકરૂપે અનોખું સ્થાન ધરાવે છે. આ મંદિર એક હજાર વર્ષ પુરાણું હોવાથી આજુબાજુના દૂર દૂરથી ભકતજનો યાત્રાધામે પધારી મનોકામના પૂર્ણ કરવા હર હંમેશ દર શનિવારે પચાસ હજારથી વધુ દર્શનાર્થીઓ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવે છે. જેમાં ભકતો દ્વારા દાદાને આંકડાની માળા, સિંદુર, સુખડી, શ્રીફળ તથા અગરબત્તી ધરાવાય છે. ખાસ કરીને આ મંદિર ખાતે દિપોત્સવી પ્રસંગે પરંપરા મુજબ ધનતેરસ અને કાળીચૌદશના દિવસે ભવ્ય લોકમેળાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે મંદિર ખાતે તા. ૧૧-૧૧-૨૦૧૨ રવિવારને ધનતેરશ રાત્રીના બાર વાગ્યાથી લોકમેળાનો ભવ્ય પ્રારંભ થશે ત્યારે મહાઆરતીથી મંદિર પ્રજજવલિત થશે. ત્યાર બાદ તા. ૧૨-૧૧-૨૦૧૨ના સોમવારે કાળી ચૌદશની રાત્રે બે લાખથી વધુ દર્શનાર્થીઓ દર્શનાર્થે ઉમટી પડશે તેવું મંદિરના સૂત્રો દ્વારા જાણવા મળે છે.



આ પ્રસંગે લોકમેળા દરમિયાન વધુ તકેદારી રુપે ૨૫થી વધુ સિકયુરીટી જવાનો, ૫૦ સ્વયંસેવકો તેમજ ડભોડા પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા હાથ ધરાશે. એલ.સી.ડી. મંદિર પરિસરમાં ગોઠવાશે. મંદિર ખાતે મહાઆરતી દરમિયાન લાખો કિલો તેલનો અભિષેક હનુમાનદાદા ઉપર ભકતો દ્વારા કરવામાં આવશે. આમ ડભોડા ખાતે ડભોડીયા હનુમાન દાદા મંદિરે રાજય-દેશ-વિદેશ તથા જિલ્લામાંથી અનેક દર્શનાર્થીઓ પોતાની મનોકામના પૂર્ણ કરવા ઉમટી પડશે તેવી ધારણા વ્યકત કરવામાં આવી છે.

## એકલવ્ય એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ગરમ કપડાનું વિતરણ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના શ્રી એકલવ્ય એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ભાવનગર જિલ્લાના મહુવા ખાતે આવેલા જુદા જુદા વિસ્તારોમાં ઝુંપડપટ્ટીઓ તેમજ ફૂટપાથ ઉપર રહેતા ગરીબ વર્ગોનાં બાળકોને સંસ્થાના પ્રમુખ હરેશ સિસારાના હસ્તે ગરમ કપડાં તથા પેન્શિલ, રબ્બરનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રમુખ હરેશ સિસારાએ વધુમાં જણાવ્યું હતું કે વર્તમાન સમયે દરેક ક્ષેત્રે વધુમાં વધુ રોજગારીની તકો પ્રાપ્ત થાય તે માટે જુદા જુદા ક્ષેત્રે કામ કરતા કારીગરોને વધુમાં વધુ રોજગારી મળે તે માટે આ સંસ્થા સૌની સાથે રહેશે.

# ઠંડીમાં ધ્રુજતા જરૂરિયાતમંદોને ગરમ વસ્ત્રોનું વિતરણ કરાશે

## નગરજનોને સહયોગ આપવા મહામંડળની અપીલ

ગાંધીનગર, તા. ૯

કડકડતી ઠંડીમાં થરથર ધ્રુજતા જરૂરીયાતમંદોને હૂંફ પહોંચાડવા ગરમ વસ્ત્રોનું વિતરણ કરાશે. શહેર વસાહત મહામંડળ તેમજ સદ્‌વિચાર પરિવાર દ્વારા આ અભિયાન અન્વયે નગરજનોને સહયોગ આપવા અપીલ કરી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચના જણાવ્યા અનુસાર સંસ્થા દ્વારા વર્ષ ૧૯૯૪ થી જરરિયાત મંદોને ઠંડીમાં રક્ષણ પુરુ પાડવા સ્વેટર, ધાબળા, ગરમાટોની સહિતના વસ્ત્રોનું વિતરણ કરવામાં આવે છે. આ ઉમદા અભિયાન અન્વયે અત્યાર સુધીમાં ૧.૩૮ લાખ જરૂરતમંદોને સહાય પુરી પાડવામાં આવી છે. અરૂણોદય સેવા ટ્રસ્ટના સહયોગથી આ વર્ષે પણ ઠંડીના દિવસોમાં ગરમ કપડાનું વિતરણ કરવામાં આવનાર છે. આ અભિયાનમાં નગરજનોને આર્થિક સહકાર આપવા પણ મહામંડળએ અપીલ કરી છે. જેમાં શહેર વસાહત મહામંડળના નિલેન્દુ વોરા, મયુર વ્યાસ, બી.એ. શુકલ, લત્તાબેન ચોકસી, સુધીરભાઈ વ્યાસ, ભુપેન્દ્રભાઈ બેંકર, સી.પી. સોની, કિશોર જીકાદરા, કસ્યપભાઈ મહેતા, ગજેન્દ્રભાઈ ખારોડ તેમજ સીતારામભાઈ પટેલ સહિતના અગ્રણીઓનો સંપર્ક કરવા જણાવાયું છે. નગરજનોને પોતાનો સહયોગ તા. ૩૧ ડિસેમ્બરસુધીમાં પહોંચડવા પણ નમ્ર અપીલ કરવામાં આવી છે. વધુમાં આ મામલે મહામંડળના પ્રમુખ અરૂણ બૂચનો ૨૩૨-૬૦૩૭૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા શરદોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૯

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ, ગાંધીનગરના પ્રમુખ શિવલાલગર ગોસ્વામીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સિનિયર સિટીઝન્સ કાઉન્સિલના સભ્યો તથા મહિલા પાંખની બહેનો દ્વારા તાજેતરમાં શરદોત્સવનો સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર સેક્ટર-૭ની પટેલવાડીમાં યોજાયેલ શરદોત્સવમાં સંસ્થાના સભ્યો તેમજ મહિલા પાંખની બહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે વડીલોએ ગરબાની રમઝટ બોલાવી હતી તથા અંતાક્ષરી, ગીતો અને ભજનો પણ ગાયા હતા. સ્નેહી સ્વજનો અને આત્મીયજનો સાથે સૌએ દૂધ-પૌઆ અને બટાકાવડાની જહેફત ઉડાવી હતી. સમગ્ર કાર્યક્રમની સફળતા બાદ ઉપસ્થિત સર્વે સભ્યોએ સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી સંસ્થાનો આભાર માન્યો હતો.

# દિવાળી દરમિયાન ફાયર બ્રિગેડના જવાનો સ્ટેન્ડ-ટુ રહેશે

## ઈમરજન્સી કોલ ત્વરિત એટેન્ડ થાય તેની વિશેષ તકેદારી રખાશે

ગાંધીનગર, તા. ૯

દિવાળીના તહેવાર દરમિયાન આગ-અકસ્માત સંદર્ભે સંબંધિત ઈમરજન્સીને ધ્યાને લઈ ફાયરબ્રિગેડની ટીમ સ્ટેન્ડ ટુ રહેશે. શહેરમાં ૧૨૫ જેટલા ફટાકડાના સ્ટોલ્સ પણ ધમધમી રહ્યા છે ત્યારે ફાયરતંત્ર દ્વારા યોગ્ય તકેદારી રાખવા આયોજન કરી દેવાયું છે.

શહેરમાં આગ-અકસ્માતના બનાવ દરમિયાન ઈમરજન્સી સેવા પુરી પાડવાની ફાયરતંત્ર ઉમદા કામગીરી બજાવે છે. દિવાળીના તહેવારમાં પણ આગના સંભવિત બનાવોને ધ્યાને લઈ ઈમરજન્સી કોલ ટાણે સમયસર ઘટનાસ્થળે હાજર થવા ફાયરતંત્રએ પૂર્વ આયોજન કરી દીધું છે. શહેરના જૂના અને નવા સેક્ટરોમાં આતશબાજીના પર્વને અનુલક્ષી ૧૨૫ થી પણ વધુ ફટાકડાના સ્ટોલ્સ ઉભા કરી દેવાયા છે. શહેરમાં તો કેકર્સનો અભિગમ હજુ અસરકારક રીતે ઉજવાયો ન હોવાથી ફટાકડાની ખરીદી પણ વિશેષ પ્રમાણમાં થાયછે. આવા સંજોગોમાં સ્ટોલ્સ પાસપાસના વિસ્તારમાં પણ સલામતીને ધ્યાને લઈ જરૂરી ફાયર સેફટીના સાધનો ગોઠવી દેવાયા છે. જ્યારે દિવાળીના પર્વ દરમિયાન આગ અકસ્માતના સંભવિત બનાવને ધ્યાને લઈ ફાયર બ્રિગેડનું તંત્ર પણ સઘન સ્ટેન્ડ ટુ રહેશે. ફાયર ઓફિસર મહેશ મોડના જણાવ્યા મુજબ આગના બનાવો ન બને તે માટે પુરતી તકેદારી રાખવામાં આવી છે. વધુમાં તહેવારના દિવસોમાં કોઈ ઈમરજન્સી કોલ મળે તો પણ સમયસર બચાવ કામગીરી હાથ ધરી શકાય તેવું આયોજન કરવામાં આવ્યું છે.

## આજે સુંદરકાંડના પાઠ યોજાશે

શ્રી રામચરિત માનસ પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠ આજે તા. ૧૦મી નવેમ્બર-૨૦૧૨ને શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે સેક્ટર-૨૬, ગ્રીનસીટી હનુમાનજી મંદિર ખાતે યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસ પીઠે યોજાશે. યજમાન મુકેશભાઈ પટેલ દ્વારા યોજાનાર સુંદરકાંડના પાઠમાં સૌ ભક્તોને ઉપસ્થિત રહેવા ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

## બાલાહનુમાનજી મંદિર સે. ૨માં સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગરના સેક્ટર-૨-એ ખાતે આવેલા બાલા હનુમાનજી મંદિર ખાતે કાળી ચૌદશને ૧૨મી નવેમ્બર-૨૦૧૨ના રોજ સોમવારે સાંજે ૭ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે. બાલા હનુમાનજી મંદિરે જાણીતા કથાકાર કાન્તીભાઈ યોગીની વ્યાસપીઠે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે તથા રાત્રે ૯.૧૫ કલાકે હનુમાનજીની મહાઆરતી પણ યોજવામાં આવશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૫

સૂર્યાસ્ત : ૬.૦૪

## તાપમાન

મહત્તમ : ૩૪.૨ ડિ.સે.

લઘુત્તમ : ૧૩.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૪ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

૧૯૨૦- ઈવીલ રીટર્ન : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫.૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

સ્કાયફૉલ (અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

લવ સવ તેય ચીકન ખુરાના : ૧૨.૪૫, ૩.૪૫

સ્ટુડન્ટ ઓફ ધ યર : ૬.૪૫, ૯.૪૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

સ્કાયફૉલ (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૯.૦૦

કેવી રીતે જઈશ (ગુજરાતી) : ૬.૧૫

: સ્ક્રીન-૨ :

સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૧.૧૫, ૪.૩૦

ઓહ માય ગૉડ : ૨.૦૦

સ્કાય ફૉલ : ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

૧૯૨૦- ઈવીલ રીટર્ન : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૧૫

ઓહ માય ગૉડ : ૭.૦૦

### સૂર્યા, વાવોલ

૧૯૨૦- ઈવીલ રીટર્ન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

૧૯૨૦- ઈવીલ રીટર્ન : ૧૦.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

સ્કાયફૉલ : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

૧૯૨૦- ઈવીલ રીટર્ન : ૧૨.૩૦, ૩૦.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ચિરાગ, કલોલ

૧૯૨૦- ઈવીલ રીટર્ન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણઓમાં વિશેષ કાર્ય થશે.

**વૃષભ** : ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે. નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે.

**કર્ક** : નવા આર્થિક સ્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**સિંહ** : ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પાપ્તિનો યોગ. નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે.

**કન્યા** : મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. ધન સંચય કરવા માટે વ્યાપારિક યોજના બનશે. સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે.

**વૃશ્ચિક** : શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે. કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન** : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે.

**મકર** : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

**કુંભ** : સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે. દેખાવ અને આડંબરોથી સ્વયંને દૂર રાખો. કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે.

**મીન** : સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.